RNI No.: GUJGUJ/2014/59295

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

"ગુજરાત રાજ્ય માહિતી ખાતાઓની પેનલ ઉપર નું અગ્રીમ દૈનિક અખબાર"

E mail - prdpraval@yahoo.co.uk

www.janfariyadnews.com

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 11 * Issue No. 294 * Date: 13.08.2025,Wednesday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

# કેશ કાંડ મામલે એક્શન મોડમાં સંસદ, યશવંત વર્મા વિરુદ્ધ તપાસ માટે કમિટીની રચના



દિલ્હી હાઈકોર્ટના પૂર્વ જજ જસ્ટિસ યશવંત વર્મા વિરુદ્ધ કેશકાંડમાં મોટું પગલું ભરવામાં આવ્યું છે. લોકસભાના સ્પીકર ઓમ બિરલાએ જસ્ટિસ વર્મા વિરુદ્ધની ફરિયાદને ગંભીર માનીને આ મામલાની તપાસ માટે ૩ સભ્યોની કમિટી બનાવવાની જાહેરાત કરી છે. સ્પીકર ઓમ બિરલાએ જણાવ્યું કે, 'ભારતના તત્કાલીન ચીફ જસ્ટિસના મતે આ મામલે ઊંડાણપૂર્વક તપાસ જરૂરી છે. સાથે જ, ફરિયાદની પ્રકૃતિને જોતાં નિયમો અનુસાર પદ પરથી હટાવવાની પ્રક્રિયા પણ શરૂ કરવાની જરૂર છે. આ પ્રસ્તાવને યોગ્ય માનીને મેં તેને મંજૂરી આપી છે અને પદ પરથી હટાવવાની વિનંતી પર સમિતિ બનાવી છે.'

આ સમિતિમાં સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ જસ્ટિસ અરવિંદ કુમાર, મદ્રાસ હાઈકોર્ટના જસ્ટિસ મનિન્દર મોહન શ્રીવાસ્તવ અને કર્ણાટક ઉચ્ચ ન્યાયાલયના પૂર્વ મુખ્ય ન્યાયાધીશ અને વરિષ્ઠ કાયદાશાસ્ત્રી બી. વી. આચાર્ય એમ ત્રણ વરિષ્ઠ સભ્યોનો સમાવેશ કરવામાં આવ્યો છે. ૧૪ માર્ચે દિલ્હીના લુટિયન્સ સ્થિત જસ્ટિસ વર્માના નિવાસસ્થાને રાત્રે લગભગ ૧૧:૩૫ વાગ્યે આગ લાગી હતી. ફાયર ફાઈટરોએ ઘટનાસ્થળે પહોંચીને આગ બુઝાવી હતી. આ દરમિયાન આગ ઓલવવા ગયેલા ફાયર બ્રિગેડને ૫૦૦ રૂપિયાની બળી ગયેલી નોટોના બંડલ મળી આવ્યા હતા. આનો એક વીડિયો પણ વાઈરલ થયો હતો. આ પછી જસ્ટિસ વર્મા પર ભ્રષ્ટાચારનો આરોપ લાગ્યો હતો. આ પછી મામલો વધુ વકર્યો હતો. આ પછી, ઘણા પગલાં લેવામાં આવ્યા હતા. આમાં દિલ્હી હાઈકોર્ટના ચીફ જસ્ટિસ ડીકે ઉપાધ્યાય દ્વારા પ્રાથમિક તપાસ અને દિલ્હી હાઈકોર્ટમાં જસ્ટિસ વર્મા પાસેથી ન્યાયિક કાર્ય છીનવી લેવા અને બાદમાં ન્યાયિક કાર્ય વિના તેમને અલ્હાબાદ હાઈકોર્ટમાં ટ્રાન્સફર કરવામાં આવ્યા હતા અને તેમની સામે આંતરિક તપાસ શરૂ કરી.

મીડિયા રિપોર્ટ્સ અનુસાર, સુપ્રીમ કોર્ટની આ તપાસ સમિતિએ જસ્ટિસ વર્મા સામેના આરોપોને સાચા ગણાવ્યા. આ દરમિયાન, તેમને ન્યાયાધીશ પદ પરથી દૂર કરવા માટે સંસદમાં મહાભિયોગની તૈયારીઓ પણ શરૂ થઈ ગઈ છે. જોકે, જસ્ટિસ વર્માએ પોતાને નિર્દોષ ગણાવ્યા છે અને આ બધા આરોપોને કાવતરું ગણાવ્યું છે.

## ગાંધીનગરની સરકારી આયુર્વેદિક હોસ્પિટલ બની આરોગ્ય મંદિર

સરકારી હોસ્પિટલમાં કોણ જાય? ત્યાં તો કેવી સારવાર થતી હશે? આવો પ્રશ્ન કેટલાક દર્દીના મનમાં થતો હોય છે, પણ ગાંધીનગર સેકટર-૨૨માં આવેલી આયુર્વેદિક હોસ્પિટલ જ્યાં ૩૩ વર્ષથી સરકારી સેવા આપતા વૈધ શ્રી રાકેશ ભટ્ટની દર્દીઓ આતુરતાથી રાહ જોતા હોય છે. વૈધ શ્રી રાકેશ ભટ્ટ પ્રતિદિન આયુર્વેદિક હોસ્પિટલમાં ૨૦૦ જેટલા દર્દીઓની સારવાર કરે છે. આ આયુર્વેદિક હોસ્પિટલમાં દેશ – વિદેશથી દર્દીઓ સારવાર અર્થે આવે છે અને સાજા થઈને આયુર્વેદ ચિકિત્સા પદ્ધતિની સાથે રાજ્ય સરકારનો પણ આભાર માને છે. આ આયુર્વેદિક હોસ્પિટલના સુપ્રિન્ટેન્ડન્ટ અને વૈધ શ્રી રાકેશ ભટ્ટે જણાવ્યું હતું કે, સરકારી આયુર્વેદિક કોલેજમાં ભણીને તા. ૦૪ મે ૧૯૯૨ થી વિવિધ આયુર્વેદ હોસ્પિટલમાં અંદાજિત ૩૩ વર્ષથી દર્દીઓની સેવા કરી રહ્યો છું તે માટે ગુજરાત સરકારનો આભાર માનું છું. આપણા દેશમાં પ્રાચીન સમયથી ગ્રંથો અને પુરાણોમાં આયુર્વેદ શાસ્ત્રનું ઘણું જ મહત્વ દર્શાવવા આવ્યું છે. વર્તમાન સમયમાં જલ્દી સાજા થવાની જિજીવિષાને કારણે નાગરિકો આયુર્વેદને ભૂલીને અન્ય દવાઓ લેવા મજબૂર થયા છે જે શરીર માટે લાંબા ગાળે નુકશાનકારક છે. વધુમાં વૈધશ્રીએ જણાવ્યું છે કે, ચિકનગુનિયાનો રોગ વર્ષ - ૨૦૦૬માં ખુબ ફેલાયો હતો, ત્યારબાદ અમે રિસર્ચ કરીને એક આયુર્વેદિક ઉકાળો બનાવ્યો હતો. રાજ્ય સરકારના આરોગ્ય વિભાગની સૂચનાના આધારે તે આયુર્વેદિક ઉકાળાનો ભાદરવી પૂનમ નિમિત્તે અંબાજી ખાતે દર્શનાર્થે આવતા અંદાજે ૬ લાખથી વધુ ભક્તોએ લાભ લીધો હતો. આ સફળતા બાદ ચિકનગુનિયાનો રોગ મટાડતા આયુર્વેદિક ઉકાળાનો સામાન્ય નાગરિકો પણ સાવચેતીના ભાગરૂપે તેનો ઉપયોગ કરતા થયા છે.

## ભારત-ચીન વચ્ચે ડાયરેક્ટ ફ્લાઈટ ટૂંક સમયમાં શરૂ થશે, સરકારે એરલાઈન્સ કંપનીઓને આપ્યા નિર્દેશ

આગામી મહિનાની શરૂઆતથી ભારત અને ચીન વચ્ચે સીધી ફ્લાઈટ સર્વિસની શરૂઆત થઈ શકે છે. વર્ષ ૨૦૨૦માં ગલવાન ઘાટીમાં થયેલી હિંસક અથડામણ બાદ બંને દેશોના સંબંધોમાં ખટાશ વધી ગઈ હતી. અંદાજિત ૫ વર્ષ બાદ બંને દેશો વચ્ચે સંબંધોમાં ફરીથી સુધારો થતો જોવા મળી રહ્યો છે.

ભારત સરકારે કહ્યું કે, એર ઈન્ડિયા અને ઈન્ડિગો જેવી એરલાઈન્સોને કહ્યું કે, ચીન માટે તાત્કાલિક ફ્લાઈટ શરૂ કરવા માટે તૈયાર રહો. કોરોનાકાળ બાદ આ સર્વિસ બંધ થઈ ગઈ હતી.

કોરોના મહામારી પહેલા બંને દેશો વચ્ચે દર મહિને ૫૩૯ સીધી ફ્લાઈટની અવરજવર રહેતી હતી. ન્યૂઝ એજન્સી બ્લૂમબર્ગના રિપોર્ટ અનુસાર, ભારત અને ચીન વચ્ચે સીધી ફ્લાઈટ સર્વિસને ફરીથી શરૂ કરવાની તૈયારીઓની સત્તાવાર જાહેરાત ઓગસ્ટના અંતમાં થનારા શાંઘાઈ સહયોગ.



## તંત્રી લેખ......

# અમેરિકામાં માલ વેચતા નિકાસકારોને લોન મંજુર કરવામાં બેન્કો સાવચેત

મુંબઈ : દેશના નિકાસકારો તરફથી આવતી લોન અરજીને મંજુર કરવામાં બેન્કો સાવચેતી ધરાવી રહી છે. ખાસ કરીને અમેરિકા ખાતે થતી નિકાસ સંદર્ભમાં બેન્કરો નિકાસકારોને તેમના અમેરિકામાં જોખમ અને ટ્રમ્પ દ્વારા ઊંચા ટેરિફ સામે કેવા પ્રકારની યોજના ધરાવે છે તેની માહિતી દેશની બેન્કો નિકાસકારો પાસેથી માગી રહી છે.ટ્રમ્પ દ્વારા લાગુ કરાયેલા ઊંચા ટેરિફની દેશના નિકાસકારો પર કેવી નાણાંકીય અસર પડે છે તેની બેન્કો જાણકારી મેળવી રહી હોવાનું બેન્કિંગ ક્ષેત્રના વર્તુળોએ જણાવ્યું હતું. દેશના ટેક્સટાઈલ તથા જેમ એન્ડ જ્વેલરી ક્ષેત્ર નિકાસ પર ઘણો જ આધાર રાખે છે.

નિકાસ માટે નવી નાણાંકીય દરખાસ્તો અથવા આવા ફન્ડિંગના રિન્યુઅલ્સ માટે આવતા નિકાસકારોને બેન્કો નાણાંકીય ટેકો પૂરો પાડવામાં વધુ સાવચેત બની ગઈ છે. હાલમાં મોટાભાગના નિકાસ ઓર્ડરો અટકી પડયા છે ત્યારે બેન્કોના ધિરાણ વેપાર પર પણ આવનારા દિવસોમાં અસર જોવા મળવાની સંભાવના છે.

ટેરિફ વોરને કારણે વેપારગૃહોની બેલેન્સ શીટ ફરી તાણ હેઠળ આવી જવાની અને અગાઉ પૂરી પડાયેલી લોન ખાસ કરીને માઈક્રો, સ્મોલ એન્ડ મીડિયમ એન્ટરપ્રાઈઝિસ (એમએસએમઈ) જે નિકાસ પર વધુ આધારિત છે, તેમની પાસેથી લોનના નાણાં વસૂલવાનું કઠીન બની રહેશે એવી બેન્કોને ચિંતા સતાવી રહી છે.

રશિયાના પ્રમુખ પુતિન સાથેની બેઠક બાદ અમેરિકા ટેરિફ દરમાં આંશિક ઘટાડો કરશે તેવી નિકાસકારોને અપેક્ષા છે. જો કે ટ્રમ્પે ટેરિફ લાગુ કરવાની કરેલી જાહેરાત બાદ દેશના નિકાસકારો પોતાની નિકાસ સ્ટ્રેટેજીમાં ફેરબદલ કરી રહ્યા છે એટલું જ નહીં નિકાસ માટે નવી બજારો પણ શોધી રહ્યા છે. જે દેશો પર ટ્રમ્પે નીચા ટેરિફ લાગુ કર્યા છે તે દેશોમાં ઉત્પાદન એકમો ઊભા કરવા અથવા તે દેશો મારફત માલની નિકાસ કરવા નિકાસકારો યોજના બનાવી રહ્યા હોવાનું પણ આધારભૂત સુત્રોએ જણાવ્યું હતું.

# ઈલેક્ટ્રિક વાહનોના વેચાણમાં જુલાઈમાં ૯૩%નો નોંધપાત્ર વધારો



અમદાવાદ : તહેવારોની સીઝન પહેલાં જ ઈલેક્ટ્રિક વાહનોના વેચાણમાં જુલાઈ, ૨૦૨૫ના બમ્પર વધારો જોવા મળ્યો છે. ફેડરેશન ઓફ ઓટોમોબાઈલ ડીલર્સ એસોસિએશન (ફાડા) અનુસાર ગત વર્ષના જુલાઈની સરખામણીમાં આ વર્ષે જુલાઈમાં ઈલેક્ટ્રિક પેસેન્જર વાહનોના વેચાણમાં ૯૩ ટકાનો આશ્ચર્યજનક ઉછાળો નોંધાયો છે.

ફાડાના ડેટા અનુસાર જુલાઈમાં કુલ ૧૫,૫૨૮ ઈલેક્ટ્રિક પેસેન્જર વાહનો નોંધાયા હતા, જ્યારે ગત વર્ષના આ જ મહિનામાં વેચાણનો આંકડો ૮૦૩૭ હતો. ટાટા મોટર્સે આ સેગમેન્ટમાં પ્રભુત્વ મેળવ્યું હતું. જુલાઈમાં ૬૦૪૭ યુનિટ વેચાયા હતા. ગત વર્ષે જુલાઈમાં ૫૧૦૦ યુનિટ કરતાં ૧૯ ટકા વધુ છે.પેસેન્જર ઈવી સેગમેન્ટે રેકોર્ડબ્રેક પ્રદર્શન કર્યું હોવા છતાં આ વખતે ઈલેક્ટ્રિક ટુ-વ્હીલર માર્કેટમાં થોડો ઘટાડો જોવા મળ્યો છે. જુલાઈ, ૨૦૨૫માં આ કેટેગરીનું કુલ વેચાણ લગભગ ૪ ટકા ઘટીને ૧,૦૨,૯૭૩ યુનિટ રહ્યું, જે ગત વર્ષે જુલાઈમાં ૧,૦૭,૬૫૫ યુનિટ હતું. આમ છતાં ટીવીએસ મોટર કંપનીએ આ સેગમેન્ટમાં પોતાનો દબદબો જાળવી રાખ્યો અને ૨૨,૨૫૬ યુનિટના વેચાણ સાથે ૧૩ ટકાની વાર્ષિક વૃદ્ધિ નોંધાવી છે.

જુલાઈ ૨૦૨૫માં ઈલેક્ટ્રિક થ્રી-વ્હીલર માર્કેટમાં વાર્ષિક ૯ ટકા વૃદ્ધિ નોંધાઈ છે અને તેમાં કુલ ૬૯,૧૪૬ યુનિટ નોંધાયા છે. મહિન્દ્રા ગ્રૂપે આ સેગમેન્ટમાં પ્રભુત્વ મેળવ્યું છે અને કુલ ૯૭૯૯ યુનિટ વેચ્યા છે, જે વાર્ષિક દ્રષ્ટિએ ૪૦ ટકા વધુ છે.રસપ્રદ આંકડો ઈલેક્ટ્રિક કોમર્શિયલ વાહન કેટેગરીનો છે જેમાં વાર્ષિક ધોરણે ૫૨ ટકાની નોંધપાત્ર વૃદ્ધિ જોવા મળી છે. જુલાઈમાં ૧૨૪૪ યુનિટ નોંધાયા છે.

# સેક્ટર ૧૫ વાણિજ્ય કોલેજના વિદ્યાર્થીઓએ તિરંગા યાત્રામાં જોડાઈને રાષ્ટ્ર પ્રત્યે પોતાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી

'હર ઘર તિરંગા, સ્વચ્છ ભારત અભિયાન અંતર્ગત સરકારી વાણિજ્ય કોલેજ ,સે-૧૫,ગાંધીનગર દ્વારા તિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ તિરંગા યાત્રામાં કોલેજના એન.એસ.એસ, એન.સી.સી સહિતના વિદ્યાર્થીઓ, શૈક્ષણિક સ્ટાફ તેમજ નાગરિકો પણ જોડાયા હતા. આ તિરંગા યાત્રા શિક્ષણવિદ ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી ગાંધીનગર ના કુલપતિ ડો. ટી.એસ. જોશી તેમજ બ્રહ્માકુમારીના દીદી શ્રી બી. કે. ધર્મિષ્ઠાબેનની અધ્યક્ષતામાં યોજાઈ હતી.તમામ મહાનુભાવો વિદ્યાર્થીઓની સાથે તિરંગા યાત્રામાં જોશભેર જોડાતા વિદ્યાર્થીઓનો ઉત્સાહ પણ બેવડાયો હતો.

આ તિરંગા યાત્રા સરકારી વાણિજ્ય કોલેજ ગાંધીનગર થી શરૂ થઈ પોસ્ટ ઓફિસ, ગાંધીનગર નાગરિક ડિસ્ટ્રિક્ટ બેંક, એ. યુ. સ્મોલ ફાઇનાન્સ, થી એચડીએફસી બેન્ક ઘ-૫ સુધી શિસ્તબદ્ધ રીતે યોજાઈ હતી. જેમાં ગાંધીનગર નાગરિક ડિસ્ટ્રિક્ટ બેંકના મેનેજર તેમજ સ્ટાફ દ્વારા તિરંગા યાત્રાનું સહર્ષ સ્વાગત કરતા વિદ્યાર્થીઓને લીંબુ પાણીનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું.

આ અવસરે ગાંધીનગરની વિવિધ બેંકો ગાંધીનગર નાગરિક ડિસ્ટ્રિક્ટ બેંક, એ. યુ.સ્મોલ ફાઇનાન્સ, ડીસીબી બેંક, એચડીએફસી બેન્ક, પંજાબ બેંક વગેરે બેંકના તમામ સ્ટાફે જોડાઈને પોતાની દેશભક્તિ વ્યક્ત કરી હતી. ઉલ્લેખનીય છે કે,આ તિરંગા યાત્રામાં સરકારી વાણિજ્ય કોલેજ ગાંધીનગર ના આચાર્યશ્રી ડો.અમિતકુમાર એન. સુતરીયાના માર્ગદર્શનના આયોજિત કરવામાં આવી હતી.

# જુલાઈમાં કરિયાણાની દુકાનો, સુપરમાર્કેટમાં રૂ. ૬૪,૮૮૧ કરોડના ત્રણ અબજ વ્યવહારો

અમદાવાદ : નેશનલ પેમેન્ટ્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયાના ડેટા દર્શાવે છે કે ગયા મહિને એટલે કે જુલાઈમાં કરિયાણાની દુકાનો અને સુપરમાર્કેટમાં રૂ. ૬૪,૮૮૧.૯૮ કરોડના ત્રણ અબજથી વધુ યુનિફાઇડ પેમેન્ટ ઈન્ટરફેસ (યુપીઆઈ) આધારિત વ્યવહારો કરવામાં આવ્યા હતા. નેશનલ પેમેન્ટ્સ કોર્પોરેશન પહેલી વાર આ પ્રકારનો ડેટા શેર કર્યો છે. જે શ્રેણીવાર ચિતાર આપે છે.

ગયા મહિને વોલ્યુમની દ્રષ્ટિએ આ શ્રેણીનો હિસ્સો તમામ યુપીઆઈ પીઅર-ટુ-મર્ચન્ટ વ્યવહારોના લગભગ એક ક્વાર્ટર હતો. આ ઉપરાંત, દેવાની વસૂલાત કરતી એજન્સીઓ મૂલ્યની દ્રષ્ટિએ યાદીમાં ટોચ પર હતી, જેણે ૧૬.૧૩ કરોડ વ્યવહારો દ્વારા ૯૩,૮૫૭ કરોડ રૂપિયા વસૂલ કર્યા હતા.

જુલાઈમાં, યુપીઆઈ દ્વારા રૂ. ૨૫.૦૮ લાખ કરોડના રેકોર્ડ ૧૯.૪૬ અબજ વ્યવહારો કરવામાં આવ્યા હતા. કુલ વ્યવહારોમાંથી, ૬૩.૬૩ ટકા વેપારીઓને કરવામાં આવ્યા હતા અને બાકીના ચુકવણીઓ લોકો




દ્વારા એકબીજાને કરવામાં આવી હતી. જુલાઈમાં, વેપારી વ્યવહારોની સંખ્યા ૧૨.૩૮ અબજ હતી અને તેનું મૂલ્ય લગભગ રૂ. ૭.૩૪ લાખ કરોડ હતું. પરંતુ અન્ય લોકોને રૂ. ૩.૪૮ લાખ કરોડના લગભગ ૨.૨૬ અબજ વ્યવહારો કરવામાં આવ્યા હતા.

યુપીઆઈ દ્વારા કરવામાં આવતી મુખ્ય ચુકવણી શ્રેણીઓમાં રાશન, રેસ્ટોરન્ટ, દવા, બળતણ, બેકરી અને વીજળી, ગેસ, પાણી, સ્વચ્છતા જેવી આવશ્યક સેવાઓનો સમાવેશ થાય છે. દર ૧૦ યુપીઆઈ વ્યવહારોમાંથી સાત આ શ્રેણીઓમાંથી એક માટે કરવામાં આવે છે. આ ઉપરાંત, રમતગમતમાં ડિજિટલ માધ્યમથી માલની ખરીદીમાં રૂ. ૧૦,૦૭૯.૫૬ કરોડના લગભગ ૩૫.૧૨ કરોડ વ્યવહારો કરવામાં આવ્યા હતા.

# અમેરિકામાં લેન્ડિંગ દરમિયાન બેકાબૂ વિમાનની અન્ય વિમાન સાથે ટક્કર બાદ ભીષણ આગ




અમેરિકામાં મોન્ટાનાના કાલિસ્પેલ શહેરમાં ચોંકાવનારી વિમાન દુર્ઘટના સર્જાઈ હતી. કાલિસ્પેલ સિટી એરપોર્ટ પર સિંગલ-એન્જિન સોકાટા ટીબીએમ ૭૦૦ ટર્બોપ્રોપ વિમાન લેન્ડિંગ દરમિયાન અન્ય વિમાન સાથે અથડાયું હતું. ટક્કર બાદ વિમાનમાં ભીષણ આગ લાગી ગઈ હતી. જો કે, ફાયર વિભાગની ટીમે ઘટનાસ્થળે પહોંચીને ઝડપથી આગ પર કાબુ મેળવ્યો હતો અને વિમાન સવાર તમામ લોકોનો આબાદ બચાવ થયો હતો. કાલિસ્પેલ પોલીસ ચીફ જોર્ડન વેનાઝિયો અને ફેડરલ એવિએશન એડમિનિસ્ટ્રેશન (ફછછ)ના જણાવ્યાનુસાર, વિમાન દક્ષિણથી આવી રહ્યું હતું અને રનવે પર લેન્ડિંગ દરમિયાન ક્રેશ થઈને અન્ય વિમાન સાથે અથડાતાં જ આગ લાગી હતી. સદનસીબે વિમાનમાં સવાર પાઇલટ અને ત્રણ મુસાફરો કોઈક રીતે બહાર નીકળવામાં સફળ રહ્યા. બે મુસાફરોને નાની ઈજાઓ થઈ હતી, જેમની સારવાર એરપોર્ટ પર જ કરવામાં આવી હતી. ફેડરલ એવિએશન એડમિનિસ્ટ્રેશન રેકોર્ડ્સ અનુસાર, સિંગલ-એન્જિન સોકાટા ટીબીએમ ૭૦૦ ટર્બોપ્રોપ વિમાન ૨૦૧૧માં બનાવવામાં આવ્યું હતું અને તે વોશિંગ્ટનના પુલમેન સ્થિત કંપની મીટર સ્કાય લિમિટેડ લાયેબિલિટી કંપની (ન્ન્ઝ)ની માલિકીનું છે. એફએએ અને અન્ય તપાસ એજન્સીઓએ અકસ્માતનું કારણ જાણવા માટે તપાસ શરૂ કરી દીધી છે.

# ઉત્તરાખંડમાં રેડ એલર્ટ બાદ કેદારનાથ યાત્રા ૩ દિવસ માટે બંધ, શ્રદ્ધાળુઓ માટે એડવાઈઝરી જાહેર

ઉત્તરાખંડમાં કેદારનાથ યાત્રા ત્રણ દિવસ માટે બંધ રાખવામાં આવી છે. હવામાન વિભાગ દ્વારા આ ક્ષેત્રમાં ભારે વરસાદનું રેડ એલર્ટ જારી કર્યા બાદ આ યાત્રા ત્રણ દિવસ માટે બંધ રાખવામાં આવી છે. જિલ્લા વહીવટી તંત્રને હાઈ એલર્ટ પર રાખવામાં આવ્યું છે. તીર્થયાત્રીઓ અને સ્થાનિક લોકોની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે વ્યવસ્થા કરવામાં આવી છે.

કેદારનાથ આવનારા તમામ યાત્રીઓ માટે એડવાઈઝરી જાહેર કરવામાં આવી છે. એડવાઈઝરીમાં શ્રદ્ધાળુઓને વિનંતી કરવામાં આવી છે કે, હવામાન વિભાગની ચેતવણીને ધ્યાનમાં રાખીને તમે હાલમાં યાત્રા કરવાનું ટાળો. ડીએમ પ્રતીક જૈને જિલ્લાના તમામ વિભાગોને એલર્ટ મોડ પર રહેવાનો નિર્દેશ આપ્યો છે. હવામાન વિભાગે ૧૨, ૧૩ અને ૧૪ ઓગસ્ટના રોજ રુદ્રપ્રયાગ સહિત ઉત્તરાખંડના અલગ-અલગ જિલ્લાઓમાં ભારે વરસાદની ચેતવણી આપી છે.

ભારે વરસાદની ચેતવણીને ધ્યાનમાં રાખીને વહીવટી તંત્ર હાઈ એલર્ટ પર રાખવામાં આવ્યું છે. જિલ્લા અધિકારી પ્રતીક જૈને જણાવ્યું કે, વહીવટી તંત્રએ ૧૨, ૧૩ અને ૧૪ ઓગસ્ટ માટે




કેદારનાથ યાત્રા સ્થગિત કરી છે. હવામાન વિભાગે રુદ્રપ્રયાગ અને રાજ્યના અન્ય જિલ્લાઓમાં ભારેથી અતિ ભારે વરસાદનું રેડ અને ઓરેન્જ એલર્ટ જાહેર કર્યું છે, તેને ધ્યાનમાં રાખીને વહીવટી તંત્રને એલર્ટ પર રાખવામાં આવ્યું છે. સુરક્ષાની પણ સઘન વ્યવસ્થા કરવામાં આવી છે.

જિલ્લા અધિકારી પ્રતીક જૈને જળાશયો પાસે રહેતા લોકોને સુરક્ષિત સ્થળો પર જવાની અપીલ કરી છે. તેમણે કહ્યું કે, 'નદીના જળ સ્તર પર સતત નજર રાખવામાં આવી રહી છે. પોલીસ, લોકનિર્માણ વિભાગ, અને ડિઝાસ્ટર મેનેજમેન્ટ ટીમો સહિત તમામ સરકારી કર્મચારીઓને સતત સતર્ક રહેવા માટે કહેવામાં આવ્યું છે. અમે હવામાન અનુકૂળ થવા પર કેદારનાથ યાત્રા ફરીથી શરૂ કરવા અંગે અપડેટ આપીશું.

અધિકારીએ જણાવ્યું કે, વૉર્નિંગ સિસ્ટમનું પરીક્ષણ કરવામાં આવ્યું છે. તમામ નેશનલ હાઈવે ના ડેન્જર ઝોનમાં ૨૪ કલાક જેસીબી અને પોકલેટ મશીનો તહેનાત કરવામાં આવ્યા છે. જેથી રસ્તા પર અવરોધ આવતા તેને ઝડપથી ખોલી શકાય. ડિઝાસ્ટર મેનેજમેન્ટને સતત એલર્ટ રહેવાનો નિર્દેશ આપવામાં આવ્યો છે. સામાન્ય નાગરિકો અને શ્રદ્ધાળુઓની સુરક્ષાને ધ્યાનમાં રાખીને તમામ જરૂરી પગલાં ભરવામાં આવી રહ્યા છે.

# SC/STમાં પણ આવકના આધારે અનામત? અરજી પર સુનાવણી કરશે સુપ્રીમ કોર્ટ

સુપ્રીમ કોર્ટે સોમવારે (૧૧મી ઓગસ્ટ) જાહેર હિતની અરજી (ँन) પર વિચાર કરવા સંમતિ આપી હતી, જેમાં સરકારી નોકરીઓમાં અનામતની વધુ સમાન વ્યવસ્થા માટે નીતિઓ ઘડવા માટે કેન્દ્રને નિર્દેશ આપવા અપીલ કરાઈ હતી. ન્યાયાધીશ સૂર્યકાંત અને ન્યાયાધીશ જોયમલ્યા બાગચીની બેન્ચે રમાશંકર પ્રજાપતિ અને યમુના પ્રસાદ દ્વારા દાખલ કરાયેલી ँन पर કેન્દ્રને નોટિસ આપી હતી અને ૧૦મી ઓક્ટોબર સુધીમાં જવાબ માંગ્યો હતો. સુપ્રીમ કોર્ટે આ મામલાની સુનાવણી માટે સંમતિ આપ્યા પછી, દેશમાં અનામત પર નવી ચર્ચા ઊભી થઈ શકે છે.

અરજદારના વકીલને ભારે વિરોધનો સામનો કરવા માટે તૈયાર રહેવા સુપ્રીમ કોર્ટે કહ્યું, કારણ કે પીઆઈએલના દૂરગામી પરિણામો આવી શકે છે. અરજદારોએ એડવોકેટ સંદીપ સિંહ દ્વારા પીઆઈએલ દાખલ કરી છે. જેમાં જણાવ્યું હતું કે આ અભિગમ બંધારણના અનુચ્છેદ ૧૪, ૧૫ અને ૧૬ ને મજબૂત બનાવશે અને હાલની અનામત મર્યાદા સાથે ચેડા કર્યા વિના સમાન તક સુનિશ્ચિત કરશે.

અરજીમાં જણાવાયું છે કે, દાયકાઓથી અનામત હોવા છતાં, સૌથી વધુ આર્થિક રીતે વંચિત લોકો ઘણીવાર પાછળ રહી જાય છે અને અનામત શ્રેણીઓના પ્રમાણમાં સારા લોકો તેનો લાભ લે છે પરંતુ આવકના આધારે પ્રાથમિકતા આપવાથી ખાતરી થશે કે મદદ ત્યાંથી શરૂ થાય છે જ્યાંથી આજે તેની સૌથી વધુ જરૂર છે. અનુસૂચિત જાતિ અને



અન્ય પછાત વર્ગો શ્રેણીઓના અરજદારો, હાલની અરજી દ્વારા, આ સમુદાયોમાં આર્થિક અસમાનતાઓને પ્રકાશિત કરવા માંગે છે, જેના કારણે હાલની અનામત નીતિઓ હેઠળ લાભોનું અસમાન વિતરણ થયું છે.

સુપ્રીમ કોર્ટમાં દાખલ કરાયેલી અરજીમાં એવી પણ દલીલ કરવામાં આવી છે કે જ્યારે આરક્ષણ માળખું શરૂઆતમાં ઐતિહાસિક રીતે વંચિત સમુદાયોના ઉત્થાન માટે રજૂ કરવામાં આવ્યું હતું, ત્યારે વર્તમાન વ્યવસ્થા આ જૂથોમાં પ્રમાણમાં સમૃદ્ધ આર્થિક સ્તર અને ઉચ્ચ સામાજિક દરજ્જાનું બેકગ્રાઉન્ડ ધરાવતા લોકોને અપ્રમાણસર રીતે લાભ આપે છે, જ્યારે સૌથી વધુ આર્થિક રીતે વંચિત સભ્યો માટે તકોની એક્સેસને પ્રતિબંધિત કરે છે.


આ અરજીમાં અંગે જસ્ટિસ સૂર્યકાંત શર્માએ કહ્યું કે 'અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને અન્ય પછાત વર્ગો (મ્ઞ)ના ઘણાં લોકો અનામત દ્વારા ઉચ્ચ શ્રેણીની સરકારી નોકરીઓમાં પ્રવેશ કરીને સામાજિક અને આર્થિક રીતે સક્ષમ બની શકે છે અને તેમના બાળકોને શ્રેષ્ઠ શિક્ષણ અને સુવિધાઓ પૂરી પાડી શકે છે. હવે સમય આવી ગયો છે કે શું આવા વર્ગના લોકોએ તેમના પોતાના સમુદાયના તે સભ્યોની કિંમતે અનામતનો લાભ મેળવતા રહેવું જોઈએ જેઓ ગરીબીમાં જીવી રહ્યા છે અને સામાજિક સમસ્યાઓનો સામનો કરી રહ્યા છે.'

# ૬ કિ.મીની તિરંગા યાત્રામાં હાજર રહેનારા વિદ્યાર્થીઓને એકેડેમિક ક્રેડિટ અપાશે: ગુજરાત યુનિ.ની જાહેરાત

સ્વાતંત્ર્ય દિવસની ઉજવણીના ગણતરીના દિવસો બાકી છે. એવામાં ગુજરાત યુનિવર્સિટી દ્વારા આ પર્વની ઉજવણી માટે તિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. તિરંગા યાત્રામાં વધુમાં વધુ લોકો જોડાય તે માટે યુનિવર્સિટી દ્વારા પ્રયત્નો હાથ ધરવામાં આવ્યા છે. આ યાત્રામાં જે વિદ્યાર્થીઓ ભાગ લેશે તેમની હાજરી પૂરવામાં આવશે અને તેના આધારે એકેડમિક ક્રેડિટ પણ આપવામાં આવશે.

નોંધનીય છે કે, આ પહેલીવાર હશે, જ્યારે કોઈ બિનશૈક્ષણિક પ્રવૃત્તિમાં યુનિવર્સિટી દ્વારા ક્રેડિટ આપવામાં આવે. જેનો હેતુ વિદ્યાર્થીઓને યાત્રામાં જોડવા માટેનો છે. યુનિવર્સિટી દ્વારા આપવામાં આવતા આ પ્રોત્સાહન બાદ વિદ્યાર્થીઓમાં પણ અનેરો ઉત્સાહ છે.

મળતી માહિતી મુજબ, યુનિવર્સિટી દ્વારા ૧૩ ઓગસ્ટે ૬ કિ.મી લાંબી તિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. જે ગુજરાત યુનિવર્સિટીથી શરૂ થશે અને બાદમાં વિજય ચાર રસ્તા, હેલ્મેટ સર્કલ, વસ્ત્રાપુર, માનસી સર્કલ, ૧૩૨ ફૂટ રિંગ રોડ થઈ ગુજરાત યુનિવર્સિટી પરત આવશે. આ યાત્રામાં યુનિવર્સિટીના બોર્ડ ઓફ મેનેજમેન્ટ, એક્ઝિક્યુટિવ કાઉન્સિલના સભ્યો, સરકારી પ્રતિનિધિઓ અને ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ હાજર રહેશે.




## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ




**NOGGS:226**
વિષયઃ- હમસફર
શિર્ષકઃ- હમસફર
રચનાઃ- પદ્ય. શબ્દોઃ- ૭૨
અધિકાર તો હતો પહેલાંથી આપનો હમસફર.
પોતીકા કરી ઉપકારો કર્યા આપે તો હમસફર.

અધિકાર થયો આપનો ખુબજ મારા હમસફર.
પ્રણયનો એકરાર કર્યો આપે બનીને હમસફર.

ચાહતમાં તરબોળ થયો છું આનંદિત હમસફર.
ચાહતમાં તરબોળ કર્યા છે આનંદિત હમસફર.

જીવવું મરવું નેતો હવે સંગાથમાં હા હમસફર.
શ્વાસોમાં છે શ્વાસ જ્યાં સુધી મારા હે હમસફર.

હવે બનવાના એક બીજાના આજથી હમસફર.
આજ આખરી નિર્ણય છે આપણો તો હમસફર.

સુભાષ ઉપાધ્યાય ‘મેહુલ’(અમેરિકા)

**NOGSS NO : 161**
વિષય : હમસફર
શિર્ષક : નસીબનું પાંદડું
પ્રકાર : લઘુ વાર્તા શબ્દો : ૩૩૨

૧૪ વર્ષે ગરીબ ઘરની સરલાની માતાએ ટૂંકી બીમારી બાદ દુનિયા છોડી દીધી હતી. તેનાં પિતા બીજા લગ્ન કરી નવી મા લઇ આવ્યા. નવી મા આવી પછી પિતા તરફથી મળતો થોડોઘણો પ્રેમ પણ હવે સરલાને મળતો નહીં. પાડોશી તરીકે લીલાબા સરલાની પરિસ્થિતિ સમજતા હતા. લીલાબા હંમેશા તેના માથે હાથ ફેરવીને કહેતાં કે સાસરે જશે તો ત્યાં પણ તારો હમસફર કોણ જાણે કેવા હશે? સાસુના મહેણાંટોણા, પતિની જોહુકમી... આ બધું સહન કરવું પડશે બેટા! સરલા હવે લગ્નના નામે ગભરાવા લાગી. લગ્નની ઉંમરમા પહોંચતા તો સરલાએ ઘણી મુશ્કેલીનો સામનો કર્યો હતો. કહેવાય છે કે, જીવનમાં આવતો અભાવ માણસને વધુ સમજદાર બનાવી દે છે. સ્વભાવ પણ તેનો માયાળુ અને કરુણા વાળો હતો. કોઈને દુ:ખી જોઇ નહોતી શકતી. હંમેશા અન્યની મદદ કરવાને તત્પર રહેતી.

એમ કરતાં કરતાં સરલા ૨૦ વર્ષની યુવતી થઈ ગઈ. સુંદરતા અને સાલસતા એની રગેરગમાં હતી. એક વાર મંદિરની બહાર ઊભી હતી ત્યારે એક માજી પોતાની કારમાંથી નીચે ઊતરતાં જ પડી ગયાં. સરલાએ દોડતી આવીને માજીને બેઠા કર્યા. પાણી પીવડાવ્યું. તેમના કહેવા પ્રમાણે આજે તેઓ પોતે ગાડી ડ્રાઈવ કરીને આવ્યા હતા. પગમાં એમને ઘણું વાગ્યું હતું. એમને રીક્ષામાં બેસાડીને એમના ઘર સુધી મૂકવા આવી. તરત જ અંદરથી કોઈ નોકરે આવીને માજીને પકડી લીધા અને અંદર લઇ ગયા.

" અરે રામુ, અમારા બંને માટે ચા નાસ્તો લાવ. કેમ છોકરી... પીશ ને ચા? તારું નામ તો કહે મને બેટા!" સરલા નીચું જોઈ ગઈ. જી, મારું નામ સરલા છે. આ વ્હાલી લાગતી રુપકડી છોકરી સુધાબેનના મનમાં વસી ગઈ. કોઈને કોઈ બહાને હવે સુધાબેન સરલાને બોલાવતા. ઘરમાં બેસીને અલકમલકની વાતો કરતા. તેમના દીકરા સુરેશ માટે સરલા મનમાં વસી ગઈ. સુરેશને પણ સરલા ગમવા લાગી હતી.

સરલા હવે પરણીને સાસરે આવી. તેના નસીબનું પાંદડું ફર્યું. અહીં એને કોઈ વાતની ખોટ ન હતી. માતા કરતાં પણ વિશેષ કાળજી રાખતા હતા સુધાબેન! સુરેશ હવે ખરા અર્થમાં તેનો હમસફર બનીને તેનો પડ્યો બોલ ઝીલતો હતો. સરલા એક રાત્રે ઝરુખે બેસીને લીલાબાને યાદ કરતી હતી. એ વાતનો એને આનંદ પણ હતો કે લગ્ન બાદની લીલાબાની જુની માન્યતાઓ ખોટી પડી. સુરેશને મેળવીને સરલા હમસફર નામનો સાચો અર્થ સમજવા લાગી.
◦ગ્રીષ્મા પંડ્યા ◦

**NOG SS NO:364**
વિષયઃહમસફર
શીર્ષકઃ"પ્રણય કે નામ"
પ્રકારઃપદ્ય શબ્દોઃ૧૦૫
તારાં નયનમાં મારું નરમ સ્થાન રાખું છું,
પ્રેમ - પ્રણયમાં જિગર,તને હું માન આપું છું.

હમસફર, તુજ યાદોનું જ ગાન ગાઉં છું,
સ્નેહનાં સમરમાં હાથો પર જાન રાખું છું.

તુજ સંગ લાગણીસભર વિતે મુજ જીવન,
પ્યારની મદિરા લઈને સતત પાન રાખું છું.

અજાણ્યાં નયનો મળ્યાં છે આ રાહ પર,
હું તો પ્રિયે, હરદમ લાગણીનાં દાન રાખું છું.

ઉમંગની ઊર્મિઓનો ઉભરાટ છે મુજ ઉરમાં,
નિશદિન મુજ કવનોમાં તેને સ્થાન આપું છું.

તું મારું દિલ, એ દિલની ધડકનનું ધ્યાન રાખું છું,
પ્રમાથિની ઈન્દ્રિયોને સમજીને હું સદા બાન રાખું છું.

મદહોશ થઈ જવાય છે હર ઘડી રે ઘડી,
"પંકજ"- કોઈ પાઈ ના શકે તેનું ભાન રાખું છું.
મનસુખભાઈ એચ.મકવાણા, પંકજ જરીવાલા, ઉપલેટા.

**NOG SS NO 167**
વિષયઃ-"હમસફર"
શિર્ષકઃ- "સાથ તારો મળે"
પ્રકાર :-પદ્ય....શબ્દોઃ-૯૪"

સહસા આંખ ખુલી ને, એક સમણું ઝબકી ગયું,
હરણની આંખ જેવું, કોઈ આવીને મલકી ગયું.
વહેતો હતો વાયુ શિશિર તણો, ઠંડક પ્રસારતો,
એ ભ્રમ હતો કે હકીકત, કોઈ આવીને અડકી ગયું.
શબ્દો બેઠાં હતાં, ગઝલ-કવિતા થઈ કાગળ ઉપર,
એક કાગળ મળ્યો, ને કોઈ મીઠી યાદમાં રગડી ગયું.
થઈ હમસફર સાથે રહી મારી, વહેતી જિંદગીમાં,
જરા તે હાથ મારો પકડ્યો,ને ભાગ્ય તો ચમકી ગયું.
શિખર પર પહોંચવું કંઇ સહેલું નથી, સાથ તારો મળે,
વિટમ્બણા આવી ઘણી, ને બધું હળવેથી સરકી ગયું.

નરેન્દ્ર ત્રિવેદી.(ભાવનગર)

**SSNO:153**
વિષયઃ"હમસફર" શીર્ષકઃ" સાસરે જતી દિકરી ને સાત સૂચન"
પ્રકારઃગધ્ય. શબ્દોઃ૧૩૨

સાસરે જતી દિકરી ને પિતા તરફ થી સાત સૂચનઃ (૧)જિંદગી એક મંઝિલ છે અને તે ઝિલ જેવી હોવી જોઈએ. (૨)જિંદગી એક સફર છે, તેને હમસફર ની સાથે સરસ રીતે વિતાવવી જોઈએ. (૩)જિંદગી એક સ્વપ્ન છે,એ સ્વપ્ન ને સચ કરવાં માટે ની તમારી મહેનત હોવી જોઈએ. (૪)જિંદગી જિંદાદિલ હોવી જોઈએ,બુઝદિલ નહીં. (૫)જિંદગી માં શાન હોવી જોઈએ,સ્મશાન નહીં. (૬)જિંદગી ઈશ્વરે બક્ષેલી યાત્રા છે,તેમાંથી સુખ મેળવવું કે દુ:ખ તે તમારાં હાથ માં છે. (૭) જિંદગી એક પહેલી પણ છે અને સહેલી પણ છે.તે ઘણાં ને હસાવે છે અને ઘણાં ને રડાવે છે. હસવાં નું કઈ રીતે માણવું અને રડવાં ને કઈ રીતે ટાળવું તે તમારે જ શીખવું પડે.

જીતેન્દ્ર શાહ "સુકાન્ત "(અમદાવાદ)

**NOG SS NO- 195**
વિષયઃ હમસફર
શીર્ષકઃ ચાલો સજનવા
પ્રકારઃ પદ્ય
શબ્દો : ૯૮

ચાલો સજનવા સાગર કિનારે,
બે હૈયાં મળે જો મનના મિનારે !
હેત લેવાં હૈયાનું હરિવર સંગાથે,
કુદરતને કરગરશું કિનારે કિનારે !.. ચાલો સજનવા

મળે સ્નેહ સૃષ્ટીનો સિતારે સિતારે,
પ્રેમનું પ્રતિબિંબ પનારે પનારે !
સંપ હશે તો સો ગાઉં જવાશે,
સંસાર સાગર સહારે સહારે !.. ચાલો સજનવા

ચાલો સજનવા વહાલ વરસાવો,
વેદના વિસારો વિચારે વિચારે !
મારું ને તારું એ કરો સહિયારું,
નિસર્ગ નિહાળો નિહારે નિહારે !.. ચાલો સજનવા

પૃથ્વી બચાવો, આકાશ બચાવો,
વહાલી વસુંધરા વિહારે વિહારે !
ભેજ હશે જો ભીતર ભારી,
ઈલમ બચાવો ઈશારે ઈશારે !.. ચાલો સજનવા

સુખ-દુઃખને સંગાથી બનાવો,
પ્રેમ પડછાયો પનારે પનારે !
ભાવની ભરતી, ઓટ અહમની,
નારાયણ નીરખો નજારે નજારે !.. ચાલો સજનવા

અમૃત શ્રીમાળી
મહેસાણા

**OG SS NO- 173.**
વિષય - " હમસફર"
પ્રકાર -પદ્ય.
શબ્દ સંખ્યા -૧૦૩.
શીર્ષક -"હમસફર"

હાથમાં હાથ હોય,
એ વાત કંઈ ઓછી નથી,
સમી સાંજ ની શાંતિની,
એ રોશની જરાય ઓછી નથી.

નજરોની ભાષામાં તું
બધું કહી જતો રહ્યો,
મૌન પણ હવે મધુર લાગે,
તું નજીક હોય તો ઉનાળે
પણ ગરમી નથી.

તારૂં નામ લેતાં જ હવામાં
ખુશ્બૂ છવાય છે,
તું મળી ગયા પછી તો
દુનિયામાં કોઈ તકલીફ નથી.

દર્દનાં માર્ગે પણ તું
હમસફર બની રહ્યો,
તું હોય તો દુ:ખમાં પણ
ઉદાસીની કોઈ લપટ નથી.

પ્રેમ એવો, કે જે
શબ્દોથી આગળ નીકળે,
તું દિલ ની ધડકન છો,
માત્ર સાથ નથી.

એ જીવન છે મહેકતું ,
જીવંત જ્યાં તાજગી છે.
શબ્દો પણ ઓછાં પડે,
જ્યાં સમર્પણ ની કમી નથી.

-ડૉ. દક્ષા જોશી ’નિર્ઝરા’
ૐ જીજી ૐ ૧૬૬
વિષય :- "હમસફર"
શિર્ષક :- "હમસફરની શોધ"
પ્રકાર :- પદ્ય શબ્દોઃ-૯૭

પ્રેમની અનુભૂતિ કરવા હું, પ્રેમનાં સપના નિરખું છું,
પ્રેમ સરિતામાં વહેવા માટે મારા હમસફરને શોધુ છું.

પ્રેમની ભાષા સમજવા હું, નજર મેળવવા ઈચ્છુ છું,
નજરના જામ છલકાવવા મારા હમસફરને શોધુ છું.

પ્રેમરસનું અમૃત પાન કરવા હું, મિલન માટે તડપુ છું,
મિલનમાં મદહોંશ બનવા મારા હમસફરને શોધુ છું.

રોજ રાત્રે તારાઓ સાથે હું, મહેફિલ પ્રેમની યોજુ છું,
પ્રેમની ગઝલો ગાઈને મારા હમસફરનો પોકાર કરૂં છું.

સૂમસામ જીંદગી જીવીને હું, ખૂબ નિરાશ બન્યો છું,
પ્રેમની પાનખરને દૂર કરવા મારા હમસફરને શોધુ છું.

પ્રેમરોગનો રોગી બન્યો છું હું, હવે ઈલાજ ઈચ્છુ છું,
"મુરલી" કરૂણ તાન છેડીને મારા હમસફરને શોધુ છું.

રચના :-ધનજીભાઈ ગઢીયા "મુરલી" (જુનાગઢ)

**NOG NO 391**
વિષય હમસફર
શિર્ષક એવાં સાથી જોયાં પ્રકાર પદ્ય
શબ્દો ૭૫

કાચાં પાકાં રસ્તા પર ચાલનાર જોયાં,
સુખ દુ:ખમાં સાથ આપે એવાં હમસફર જોયાં.

પકડી હાથ જીવનની સફર કરતાં જોયાં,
કળયુગમાં પણ એવાં મેં હમસફર જોયાં.

રડાવી જાય એવી કહાની સાંભળીને,
એકબીજાને પડખે ઊભા રહે એવાં સાથી જોયાં.

આશા ઉમંગભેર જીવતા એવાં રહબર જોયાં,
થોડામાં ઘણું કહી ચલાવનાર જોયાં.

પ્રેમ માનવતા માણસાઈ સાથે કેટલાય પડકાર જોયાં.
ગમે તેવી પરિસ્થિતિમાં હમસફરના મળતા સહકાર જોયાં.
પરવેઝ વડનગરી

# ગણેશ ચતુર્થીનો પાવન અને પવિત્ર તહેવાર ગૌમય (ગોબર) થી બનેલા ઈકો-ફ્રેન્ડલી ગણેશ સાથે મનાવીએ



જી.સી.સી.આઈ ના સ્થાપક, ભારત સરકારના પૂર્વ કેન્દ્રીય મંત્રી, રાષ્ટ્રીય કામધેનુ આયોગ ના પૂર્વ અધ્યક્ષ ડો. વલ્લભભાઈ કથીરિયાએ ગાયના ગોબરમાંથી બનાવેલ ઈકો-ફ્રેન્ડલી શ્રી ગણેશજીની પ્રતિમાનું સમગ્ર રાષ્ટ્રમાં પ્રચાર-પ્રસારનું અભિયાન હાથ ધર્યું હતું.

પ્રધાનમંત્રીશ્રી મોદીજીના આહવાનને સ્વીકારી જી.સી.સી.આઈ દ્વારા ગોમય-ગોબરથી બનાવેલી ગણેશજીની પ્રતિમાનું સ્થાપન, પૂજન માટે અભિયાન રૂપે જનતા જર્નાદન સમક્ષ અનુરોધ કરવામાં આવે છે કે પ્રધાનમંત્રીશ્રીના આત્મનિર્ભર ભારત અને મેઈક ઈન ઈન્ડિયા અભિયાનને ધ્યાનમાં રાખી સમગ્ર દેશની ગૌશાળા તથા યુવા-મહિલા ઉદ્યોગ, મહિલા સેલ્ફ હેલ્પ ગ્રુપ, સામાજીક, ધાર્મિક સંસ્થાઓ અને ગૌસેવકોને ભારતીય દેશી ગાયના ગોબરમાંથી ગણેશજીની અલગ અલગ સાઈઝ ની મૂર્તિ બનાવવા આગળ આવવા અને આ અભિયાનમાં જોડાવવા આગ્રહ કર્યો હતો. જી સી સી આઈ દ્વારા ગાય આધારિત ઉદ્યોગ-ઉત્પાદનમાં વૃદ્ધિ માટે અવિરત કામ કરી રહ્યું છે.

ગણેશ ચતુર્થીનો પાવન તહેવાર નજીક આવી રહ્યો છે, જી.સી.સી.આઈ દ્વારા અપીલ કરવામાં આવે છે કે આ વર્ષે ભગવાન ગણેશનું સ્થપાન પર્યાવરણને અનુકુળ એટલે કે ઈકો-ફ્રેન્ડલી ગણેશ ગૌમય, એટલે કે ભારતીય દેશી ગાયના પવિત્ર ગોબરથી બનેલા ગણેશજીની મૂર્તિ ગણેશ ચતુર્થીનો પાવન પવિત્ર તહેવાર પર ખરીદવાનો આગ્રહ રાખીને ઉજવીએ.

સદીઓથી ભારતીય પરંપરા અને આયુર્વેદમાં ભારતીય દેશી ગાયના ગોબરને શરીર અને પર્યાવરણ બંનેનું શુદ્ધિકરણ કરનાર માનવામાં આવ્યું છે. તેમાં કુદરતી રીતે જંતુનાશક અને ફૂગનાશક ગુણ હોય છે, જે વાતાવરણને શુદ્ધ, ઊર્જાવાન અને આરોગ્યવર્ધક બનાવે છે. હિંદુ શાસ્ત્રોમાં ગૌ માતાને જીવનદાયિ અને કલ્યાણકારી માતા તરીકે વર્ણવવામાં આવી છે, જેમના ઉત્પાદનો માનવજાત માટે આશીર્વાદરૂપ છે. ગૌમયથી બનેલી ગણેશજીની મૂર્તિ માત્ર ભગવાનનું સ્વરૂપ નથી, પરંતુ પવિત્રતા, સમૃદ્ધિ અને પર્યાવરણ સુરક્ષાનું જીવંત પ્રતિક છે. વિસર્જન સમયે આ મૂર્તિઓ પાણીમાં સંપૂર્ણપણે વિઘટિત થઈ જાય છે અને કોઈ ઝેરી અવશેષ છોડતી નથી. પ્લાસ્ટર ઓફ પેરિસ () અને કેમિકલ રંગોથી બનેલી મૂર્તિઓની સરખામણીએ, ગૌમય ગણેશ ન તો જળચર જીવને નુકસાન કરે છે અને ન તો નદી-તળાવોને પ્રદૂષિત કરે છે. વિપરીત રીતે, આ કુદરતી ખાતર તરીકે છોડને પોષણ આપે છે અને જમીનને સજીવ બનાવે છે. આ રીતે ભગવાન ગણેશને વિદાય આપવાનો ક્ષણ, પૃથ્વીને પરત આપવાનો પવિત્ર સંકલ્પ બની જાય છે.

આ મૂર્તિઓના નિર્માણથી સામાજિક-આર્થિક લાભ પણ મળે છે. ગૌમય ગણેશ અપનાવવાથી ભક્તો સીધા ગૌશાળાઓને આર્થિક રીતે મદદ કરે છે, ગૌ આધારિત ઉત્પાદનોના ઉપયોગને પ્રોત્સાહન આપે છે અને ગૌરક્ષા, ગૌ સંવર્ધન જેવા પ્રકલ્પોને મજબૂત બનાવે છે. ગ્રામ્ય કારીગરો, મહિલા સ્વસહાય જૂથો અને ખેડુતોને રોજગારી મળે છે, જે ગ્રામ્ય અર્થતંત્રને મજબુતી આપે છે અને વિદેશી તથા કૃત્રિમ સામગ્રી પરની નિર્ભરતા ઘટાડે છે.

આધ્યાત્મિક રીતે, તહેવાર દરમ્યાન ઘરમાં ગૌમય ગણેશજીની ઉપસ્થિતિથી ભગવાન ગણેશ અને ગૌ માતા બંનેના આશીર્વાદ પ્રાપ્ત થાય છે. ગોબર સાથે મળેલા કુદરતી ઔષધીય છોડોની સુગંધ સાત્ત્વિક વાતાવરણ સર્જે છે, જે ધ્યાન, સકારાત્મકતા અને ઘરમાં સુમેળ વધારે છે.

આ ગણેશ ચતુર્થી, ગૌમય ગણેશને ઘરે લાવીને, આપણે માત્ર વિઘ્નહર્તાની પૂજા કરતા નથી, પરંતુ જીવનના તત્ત્વો – પાણી, જમીન અને તમામ જીવંત સૃષ્ટિનું પણ સન્માન કરીએ છીએ. એક જ કાર્યથી આપણે ધરતીની રક્ષા કરીએ છીએ, પરંપરાઓને જાળવી રાખીએ છીએ અને મનુષ્ય તેમજ ગૌ વચ્ચેના પવિત્ર બંધનને મજબૂત બનાવીએ છીએ.

જી.સી.સી.આઈ દ્વારા વ્યક્તિ, પરિવાર, સોસાયટી, શૈક્ષણિક સંસ્થા અને ગણેશ મંડળોને આ ઈકો-ફ્રેન્ડલી ઉજવણીમાં જોડાવાનું આહ્વાન કરવામાં આવ્યું છે. “ગણપતિ બાપ્પા મોરયા”ના જયઘોષ સાથે એક સંકલ્પ પણ ગુંજે – નદીઓની રક્ષા, ગૌ માતાનું સન્માન અને કુદરત સાથે સુમેળભર્યું જીવન જીવવા માટે નો સંકલ્પ લઈએ.

વધુ માહિતી માટે જી.સી.સી.આઈ ના જનરલ સેક્રેટરી શ્રી મિત્તલભાઈ ખેતાણી અને તેજસ ચોટલીયા મો. ૯૪૨૬૯ ૧૮૯૦૦ પર સંપર્ક કરવા યાદી માં જણાવ્યુ છે.

# મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી ભાનુબેન બાબરીયાએ ફ્લેગ ઓફ કરીને અપના બઝાર ખાતેથી તિરંગા યાત્રાનું પ્રસ્થાન કરાવ્યું








મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી ભાનુબેન બાબરીયાની અધ્યક્ષતામાં ×હર ઘર તિરંગા - હર ઘર સ્વચ્છતા× અભિયાન અંતર્ગત ગાંધીનગરમાં નીકળેલી ભવ્યાતિભવ્ય તિરંગા યાત્રામાં સૌ ગાંધીનગરવાસીઓએ સહભાગી થઈને દેશની આન, બાન અને શાન સમા તિરંગાનું ગૌરવ ગાન કર્યું હતું. સ્વતંત્રતા પર્વના ઉપલક્ષ્યમાં યોજાયેલી આ યાત્રામાં અનેરા થનગનાટ અને અભૂતપૂર્વ ઉત્સાહની સાથે અખંડ ભારતની એકતાના યશગાન દૃશ્યમાન થયાં હતા. જેમાં શ્રીમતી ભાનુબેન બાબરીયાની સાથે મેયર શ્રીમતી મીરાબેન પટેલ તથા ધારાસભ્યશ્રી રીટાબેન પટેલ, શ્રી અલ્પેશ ઠાકોર સહભાગી થયા હતા. ગાંધીનગર મહાનગરપાલિકા તથા જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આયોજિત આ ભવ્ય તિરંગા યાત્રાનું સેકટર ૬ના અપના બઝાર ખાતેથી મંત્રીશ્રી ભાનુબેન બાબરીયાએ ફ્લેગ ઓફ કરીને પ્રસ્થાન કરાવ્યું હતું. દેશપ્રેમની ભાવના ઉજાગર કરતી આ ભવ્ય તિરંગા યાત્રા અપના બજાર પાસેથી પ્રસ્થાન કરી, ઘ-૨ સર્કલ, ઘ-૨ સર્કલથી ડાબી તરફ વળીને ચ-૨ સર્કલ તરફથી સેક્ટર-૭ના અપ્રોચમાંથી પસાર થઈ હતી. જયાં ભારતમાતા મંદિરથી જમણી તરફના સેક્ટર રિંગરોડ પરથી પસાર થતાં, યાત્રા સેક્ટર-૭ સરકારી પગારકેન્દ્ર શાળા, સેક્ટર-૭ ગાર્ડન થઈને સેક્ટર-૭ના મુખ્ય શોપિંગ સેન્ટર સુધી પહોંચી હતી. દેશભક્તિના ગીતો સાથે આ યાત્રા જેમ જેમ રૂટ પર આગળ વધતી હતી, તેમ તેમ લોકોમાં દેશપ્રેમનો સૈલાબ ઉમટયો હતો. રૂટ પર સ્થાનિકો દ્વારા ભવ્ય તિરંગા યાત્રાને પુષ્પ વૃષ્ટિ સહ આવકાર અને વધામણા કરવામાં આવ્યા હતા. સેક્ટર-૭ના મુખ્ય શોપિંગ સેન્ટર ખાતે પોલીસ બેન્ડની સુરાવલીઓ સાથે રાષ્ટ્ર ગાન અને ભારત માતાની જયઘોષ સાથે યાત્રા પૂર્ણ થઈ હતી. યાત્રાના રૂટમાં વિવિધ કલાવૃંદ દ્વારા ગરબા, રાસ, વિવિધ પરંપરાગત નૃત્ય અને દેશભક્તિ સાથે સંસ્કૃતિની ઝાંખી જોવા મળી હતી. આ તિરંગા યાત્રામાં ડેપ્યુટી મેયર શ્રી નટવરજી ઠાકોર, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન શ્રી ગૌરાંગ વ્યાસ, કલેકટર શ્રી મેહુલ દવે, ગાંધીનગર મહાનગરપાલિકાના કમિશનર શ્રી જે.એન.વાઘેલા, કાઉન્સિલરશ્રીઓ, જિલ્લા વહીવટી તંત્રના અધિકારીશ્રીઓ, શહેર પોલીસ-ટ્રાફિક પોલીસના કર્મચારીઓ, એન. ડી. આર. એફ.ના જવાનો, એન. સી. સી. કેડેટ્સ, જિલ્લા સ્પોર્ટ્સ ઓથોરિટીના ખેલાડીઓ, મોટી સંખ્યામાં શાળા-કોલેજના વિદ્યાર્થીઓ-વિદ્યાર્થિનીઓ અને દેશપ્રેમી નાગરિકો આ ભવ્ય તિરંગા યાત્રાની ઐતિહાસિક ક્ષણોના સહભાગી બન્યા હતા.

## મદદનીશ ચૂંટણી અધિકારીઓની નિમણૂક કરવામાં આવી, ૬ મહિનામાં ચૂંટણી યોજાઈ શકે



ગુજરાતમાં આ વર્ષના અંતમાં સ્થાનિક સ્વરાજયની ચૂંટણીઓ યોજાવાની છે. રાજ્યની રચાયેલી ૯ નવી મહાનગરપાલિકાઓની ચૂંટણી યોજવાની પણ રાજ્ય ચૂંટણી પંચ દ્વારા તૈયારી કરી લેવામાં આવી છે. નવી રચાયેલી મહાનગરપાલિકાઓમાં ચૂંટણી અધિકારીઓની નિમણૂક કરાયા બાદ હવે તેઓની મદદ માટે મદદનીશ ચૂંટણી અધિકારીઓની નિમણૂક કરવામાં આવી છે. જેઓના નામની યાદી નીચે મુજબ છે.૧૪ વર્ષ બાદ ગુજરાતને નવી મહાનગરપાલિકાઓ મળી છે. આ પહેલાં ૨૦૦૨માં જૂનાગઢ અને છેલ્લે ૨૦૧૦માં ગાંધીનગર મહાનગરપાલિકા બની હતી. રાજયમાં હાલ ૮ મહાનગરપાલિકાઓ હતી. તેમાં હવે નવસારી, ગાંધીધામ, મોરબી, સુરેન્દ્રનગર, મહેસાણા, વાપી, આણંદ, પોરબંદર અને નડિયાદનો સમાવેશ કરાતા મહાનગરપાલિકાઓની સંખ્યા ૧૭ થઈ ચૂકી છે.રાજ્યમાં ૬ જૂની અને ૯ નવી મળી કુલ ૧૫ મહાનગરપાલિકાઓની આ વર્ષના અંતે ચૂંટણીઓ યોજાશે. જેની તૈયારીઓ રાજ્ય ચૂંટણી પંચ દ્વારા શરૂ કરી દેવામાં આવી છે. જેના ભાગરૂપે જ જતે નવી રચાયેલી મહાનગરપાલિકાઓ છે તેમાં જરુરી કામગીરીને વેગ આપવા માટે મદદનીશ ચૂંટણી અધિકારીઓની નિમણૂક કરી દેવામાં આવી છે.

## દેવીપૂજક સમાજની સભામાં ટોળાએ હથિયારો સાથે તોડફોડ કરી, એક વ્યક્તિને આંખની નીચે છરી વાગી



ગાંધીનગરના કલોલ તાલુકાના કોઠા ગામમાં દેવીપૂજક સમાજની સભા દરમિયાન હિંસક ઘટના સામે આવી છે. જય શ્રી હડકમાઈ માતા સમસ્ત દેવી-પૂજક ચેરીટીબલ ટ્રસ્ટ દ્વારા આયોજિત સભામાં મંદિર નિર્માણના મુદ્દે વિવાદ થયો હતો. સભામાં હથિયાર સાથે આવેલા ટોળાએ તોડફોડ સાથે મારામારી કરી હતી, જેમાં એક વ્યક્તિને આંખની નીચે છરીથી ઈજા પહોંચી હતી. ઘટનાની જાણ થતાં પોલીસે સ્થળે પહોંચી સમગ્ર મામલો સંભાળ્યો હતો.આ અંગેની મળતી માહિતી પ્રમાણે, જય શ્રી હડકમાઈ માતા સમસ્ત દેવી-પૂજક ચેરીટીબલ ટ્રસ્ટે વર્ષો પહેલાં કોઠા ગામમાં સાડા ચારેક વીઘા જમીન ખરીદી હતી. આ જમીનમાં હડકમાઈ માતાનું મંદિર અને ધર્મશાળા બનાવવા માટે ગઈકાલે (૧૦ ઓગસ્ટ) મંડપ બાંધીને સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સભામાં સમાજના આશરે ૧૦૦૦ લોકો હાજર હતા. સભા ચાલી રહી હતી ત્યારે કિરણ ઉર્ફે કિરણ બાવાભાઈ જાનુ, ભરત હિરાભાઈ દંતાણી, અરવિંદ વિકાણી સહિત અન્ય લોકો ધોકા લઈને આવ્યા હતાં અને ગાળો બોલવા લાગ્યા હતા.તેઓએ દાવો કર્યો કે, તેઓ એકલા જ મંદિર બનાવશે અને મુખ્ય ટ્રસ્ટી રહેશે. આથી સ્ટેજ પરના મહાનુભાવોએ તેમને શાંતિથી વાત કરવા જણાવ્યુ હતું, પરંતુ આ લોકો ઉશ્કેરાઈ ગયા હતા. જેમાં કિરણ જાનુએ છરી વીંઝતા ફરિયાદી સીતારામ દંતાણીને જમણી આંખ નીચે ઈજા થઈ હતી. જ્યારે અમિત દાતણીયાને પણ ગડદાપાટુનો માર મારવામાં આવ્યો હતો.બાદમાં આરોપીઓએ ટ્રસ્ટના પ્રમુખ રૂપસંગ ભરભીડીયા સહિતના આગેવાનો સાથે ઝપાઝપી કરી હતી. ઉપરોક્ત આરોપીઓ સહિતના ટોળાંએ મંડપમાં રાખેલી ખુરશીઓ તોડી નાખી અને પાર્કિંગમાં પડેલી ગાડીના કાચ તોડી પણ નાખ્યા હતા. જ્યારે કેટલાક મોટરસાઇકલોને પણ નુકશાન પહોંચાડ્યું હતું.જતા-જતા આરોપીઓએ ટ્રસ્ટના સભ્યોને ધમકી આપી હતી કે, તેઓ ત્યાં મંદિર કે ધર્મશાળા બનાવવા દેશે નહીં. જો બનાવશે તો જાનથી મારી નાખવાની ધમકીઓ આપી હતી. આ બનાવની જાણ થતાં કલોલ તાલુકા પીઆઇ ઉન્નતિબેન પટેલ સહિતનો પોલીસ કાફલો સ્થળ ઉપર પહોંચી ગયો હતો. સ્થિતિ વધુ વણસે એ પહેલાં ચુસ્ત બંદોબસ્ત ગોઠવી દીધો હતો.આ અંગે પીઆઈએ જણાવ્યું કે, દેવીપૂજક સમાજની સભામાં મંદીર બનાવવા મુદ્દે માથાકૂટ થઈ હતી અને આરોપીઓએ હુમલો કર્યો હતો. સીતારામની ફરિયાદના આધારે ૧૨ સહિતના લોકો વિરુદ્ધ ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

## ટુરિઝમ કંપનીના ડાયરેક્ટર સાથે ઠગાઈ:સરગાસણમાં ફ્લેટ બુકિંગના બહાને ૧૬ લાખની છેતરપિંડી આચરનાર ઇસમ વિરુધ ગુનો નોંધાયો




ગાંધીનગરના સરગાસણમાં સ્પર્શ બ્રીઝ ગ્રીન સ્કીમમાં ફ્લેટ બુકિંગના બહાને સેક્ટર- ૮ ના ઈસમે પોતાના સંબંધી સાથે ૧૬ લાખની છેતરપિંડી આચરવામાં આવતા ઈન્ફોસિટી પોલીસે ગુનો નોધી વધુ તપાસ હાથ ધરી છે.ગાંધીનગર સરગાસણ બ્રિજ ગ્રીન સોસાયટીમાં રહેતાં ચિરાગસિંહ ભુપેન્દ્રસિંહ રાઓલ ડેર હોક એડવેન્ચર્સ નામની ટુરિઝમ કંપનીમા ડાયરેકટર છે. વર્ષ વર્ષ-૨૦૧૯ માં મકાન/ફ્લેટ રાખવા બાબતે તેમણે સેકટર ૮ માં રહેતા તેમના સગા ધર્મેન્દ્રસિંહ નારણસિંહ વાઘેલા વાત કરી હતી. એ વખતે સરગાસણમાં સ્પર્શ બ્રિજ ગ્રીન નામની સ્કીમ બનવાની હોય (જેનું હાલનું નામ બ્રીઝ ગ્રીન છે) જેમાં હુ તથા મારા સગા ભાગીદાર છે તેવો વિશ્વાસ આપ્યો હતો.

આથી ચિરાગસિંહે વર્ષ ૨૦૧૯માં ૩૦ લાખમાં પાંચમા માળે ફ્લેટ લેવાનું નક્કી કર્યું હતું. જેના બુકિંગ માટે તેમણે તેમના પિતાના એકાઉન્ટમાંથી કુલ ૧૬ લાખ રૂપિયા ચેક દ્વારા આપ્યા હતા. આ રકમમાંથી ધર્મેન્દ્રસિંહે ૧૦ લાખ તેમની પત્નીના એકાઉન્ટમાં અને બાકીની રકમ પોતાના એકાઉન્ટમાં જમા કરાવી દીધી હતી.

આ બાબતે પૃચ્છા કરતાં ધર્મેન્દ્રસિંહે રેરા રજીસ્ટ્રેશન નંબર ન હોવાથી નાણાં અંગત એકાઉન્ટમાં જમા કર્યા હોવાનું કારણ આપ્યું હતું. જો કે બંને એકબીજા સગા હોવાના કારણે ચિરાગસિંહે વિશ્વાસ રાખ્યો હતો. બાદમાં કંપનીના અન્ય ભાગીદાર કૃણાલભાઈ દેસાઈએ માત્ર ૮ લાખ જ કંપનીને મળ્યા હોવાનું જણાવ્યું હતું. અને બીજા પૈસા જમા કરાવશો તોજ ફ્લેટનો દસ્તાવેજ કરી આપવાની વાત કરી હતી. આથી ચિરાગસિંહે ફ્લેટનો દસ્તાવેજ કરવા બેંક ઓફ બરોડામાંથી ૨૨ લાખની લોન લઈને કંપનીમાં જમા કરાવી હતી. અને કુલ ૩૦ લાખ ચૂકવ્યા બાદ ફ્લેટનો દસ્તાવેજ કરી લીધો હતો. પરંતુ અગાઉ આપેલા ૧૬ લાખ ધર્મેન્દ્રસિંહે આજદિન સુધી પરત ન કરતાં ઈન્ફોસિટી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

## સાણંદ સમસ્ત બ્રહ્મ સમાજ દ્વારા યજ્ઞનોપવીત ધારણ કરવાનો કાર્યક્રમ યોજાયો



સમસ્ત બ્રહ્મ સમાજ સાણંદ તાલુકા દ્વારા યજ્ઞોપવિત ધારણ કરવાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો આ આયોજિત સમૂહ યજ્ઞોપવિત બદલવાનો કાર્યક્રમ રક્ષાબંધન ના પવિત્ર દિવસે સાણંદ ના પુરાણો માં પ્રસિદ્ધ એવા હજારી માતા ના મંદિર ખાતે યોજાયો હતો તેમાં સેંકડો ભૂદેવો એ હાજર રહી ને યજ્ઞોપવિત બદલી હતી.શાસ્ત્રોક્ત વિધિ વિધાન થી વિમેશભાઈ શાસ્ત્રી એ કરાવેલ અને જૂની યજ્ઞોપવિત બદલી ને નવી ધારણ કરાવી હતી ગાયત્રી મંત્રો દ્વારા સૌ ભૂદેવો એ આરાધના કરી ને વિધિ વિધાન થી યજ્ઞોપવિત ધારણ કરવાનો કાર્યક્રમ સંપન્ન કર્યો..આ કાર્યક્રમ ને સફળ બનાવવા પ્રમુખ સનતભાઈ પંડિત...દીપકભાઈ ભટ્ટે.રાજેશભાઈ વ્યાસ ઉપસ્થિત રહ્યા હતા

### ભગવાન શિવજીની ત્રીજી આંખ માત્ર સંહાર કે ક્રોધનું ચિહ્ન નથી

## પરંતુ તે જાગૃતિનો પ્રકાશ, આંતરિક દૃષ્ટિનો સ્ત્રોત અને અહંકારના અંતનો સંકેત



ભગવાન શિવજીની ત્રીજી આંખ માત્ર સંહાર કે ક્રોધનું ચિહ્ન નથી, પરંતુ તે જાગૃતિનો પ્રકાશ, આંતરિક દૃષ્ટિનો સ્ત્રોત અને અહંકારના અંતનો સંકેત છે. આપણી બે આંખોથી આપણે બાહ્ય જગતને જોઈએ છીએ, પરંતુ ત્રીજી આંખથી વ્યક્તિ પોતાના આંતરિક જગતને જોઈ શકે છે, જ્યાં શાંતિ અને સત્યનો વાસ છે. શિવપુરાણમાં શિવજીની ત્રીજી આંખને જ્ઞાનના પ્રતીક તરીકે દર્શાવવામાં આવી છે. તે ફક્ત ક્રોધ કે સંહાર માટે જ નહીં, પરંતુ અધર્મ અને અજ્ઞાનતાનો નાશ કરવા માટે ખૂલે છે. જ્યારે પણ કોઈ ભ્રમ, અસત્ય કે અન્યાય સૃષ્ટિમાં ફેલાય છે, ત્યારે શિવજીની ત્રીજી આંખ સત્યનું દર્શન કરાવે છે અને અંધકારનો નાશ કરે છે. શિવજીનું ત્રીજું નેત્ર તેમના જ્ઞાન અને તપની શક્તિનું પ્રતીક પણ છે જે બાહ્ય દેખાવાથી જઈને વાસ્તવિક્તાને ઓળખે છે. ૨૧મી સદીમાં શિવ ઋષિઓ અને દેવો પણ શિવજીની આ દિવ્ય દૃષ્ટિને પ્રણામ કરે છે, કારણ કે તે ત્રણેય કાળ (ભૂતકાળ, વર્તમાનકાળ, ભવિષ્યકાળ)ને જોઈ શકે છે અને સર્વજ્ઞતાનું પ્રતીક છે. આજના યુગમાં, જ્યાં માહિતીના અતિરેક અને ભ્રમજાળથી ભરેલો છે. ફેક ન્યૂઝ, ઓનલાઈન છેતરપિંડી અને ભ્રામક જાહેરાતો સત્યને છુપાવી દે છે. લોકો બાહ્ય દેખાડા અને સોશિયલ મીડિયા વાસ્તવિકતામાં અટવાઈ જાય છે. આવા સમયે, શિવજીની ત્રીજી આંખ આપણને વાસ્તવિકતા અને ભ્રમ વચ્ચેનો ભેદ પારખવાની શક્તિ આપે છે. ત્રીજી આંખ એ ચેતનાનો દ્વાર છે. તે આપણને શીખવે છે કે સાચું જ્ઞાન બહારથી નહીં પણ અંદરથી પ્રાપ્ત થાય છે. ધ્યાન, મૌન અને સમજદારીપૂર્વક જીવન જીવવું એ જ ત્રીજી આંખ ખોલવાનો માર્ગ છે. શિવજી શીખવે છે કે, જ્યારે ભક્ત નિર્ભય થઈને અંતરમનમાં જુએ છે, ત્યાંથી સત્યની શરૂઆત થાય છે. અજ્ઞાનનો અંધકાર દૂર કરી, જ્ઞાનના પ્રકાશનો ઉદય થાય છે. આ પવિત્ર શ્રાવણ મહિનામાં આંતરિક જ્ઞાનચક્ષુ કેળવીને આ ભ્રમિત દુનિયામાં સત્યનો પ્રકાશ આપણી અંદર ઉજાસ થાય તેવો પ્રયત્ન કરીએ.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.